# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક:રાપબો/ATD/૨૦૨૫-૨૬/ 2191 – 2208 તારીખ:૧૨/૦૨/૨૦૨૬

## ATD-1 (પ્રથમ વર્ષ) & ATD-2 (દ્વિતિય વર્ષ) પરીક્ષા- ૨૦૨૬

**જાહેરનામું:**

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ માં **ATD-1 & ATD-2** અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આગામી એપ્રિલ-૨૦૨૬ માં લેવાનાર વાર્ષિક લેખિત/પ્રાયોગિક પરીક્ષાઓનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

**આ પરીક્ષા માટેના ઉમેદવારોના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા:13/૦૨/૨૦૨૬(બપોરના ૧૪:૦૦ કલાક) થી તા:૧૯/૦૨/૨૦૨૬(રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) ઓનલાઇન ભરવાના રહેશે.**

શિક્ષણ વિભાગના તા:૧૧/૦૭/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: ઉકશ ૧૨૨૨-૧૨૨૯-ગ.૧ થી ATD પ્રથમ અને દ્વિતિય વર્ષના નવા અભ્યાસક્રમને મંજૂરી આપતા અમલમાં આવેલ નવા અભ્યાસક્રમ મુજબની સમગ્ર પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ તથા જરૂરી સૂચના નીચે મુજબ છે

| ક્રમ | વિગત | ATD - 1 & 2 |
|---|---|---|
| ૧ | જાહેરનામું પ્રસિધ્ધ કરવાની તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ |
| ૨ | www.sebexam.org વેબસાઇટપર ઓનલાઈન આવેદનપત્રો ભરવાનો સમયગાળો | ૧3/૦૨/૨૦૨૬(બપોરના ૧૪:૦૦ કલાક) થી ૧૯/૦૨/૨૦૨૬(રાત્રીના ૨૩.૫૯ કલાક) |
| 3 | પરીક્ષા માટેની ફી ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૧3/૦૨/૨૦૨૬(બપોરના ૧૪:૦૦ કલાક) થી ૨૧/૦૨/૨૦૨૬(રાત્રીના ૨૩.૫૯ કલાક) |
| ૪ | સંસ્થાઓએ ઓનલાઈન ભરાયેલ આવેદન પત્રો બોર્ડને પહોચાડવાની છેલ્લી તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| ૫ | બોર્ડ દ્વારા ઉમેદવારોના બેઠક નંબર ઈ-મેઈલથી સંસ્થાઓને મોકલવાની તારીખ | ૦૨/03/૨૦૨૬ |
| ૬ | આંતરીક મુલ્યાંકનનો સમયગાળો | ૦૫/03/૨૦૨૬થી ૨૪/03/૨૦૨૬ |
| ૭ | સંસ્થાઓએ બોર્ડ ખાતે આંતરીક ગુણ સીલબંધ કવરમાં બોર્ડ ખાતે જમા કરાવવાની છેલ્લી તારીખ | 30/03/૨૦૨૬ |
| ૮ | સંસ્થાના આચાર્ય દ્વારા ભરાયેલ ફોર્મ ઓફલાઇન એપ્રુવ કરવાની છેલ્લી તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| ૯ | હોલ ટીકીટ ઓનલાઈન ડાઉનલોડ કરવાનો સમય | ૧૫/૦૪/૨૦૨૬(બપોરે ૨:૦૦ કલાક) થી ૨૧/૦૪/૨૦૨૬(સવારે ૧૧:૦૦ કલાક) સુધી |

❖ **વાર્ષિક પરીક્ષાઓની તારીખો નીચે પ્રમાણે રહેશે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | શરૂ થવાની તારીખ | પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|---|
| ૧ | એ.ટી.ડી. પ્રથમ વર્ષ | ૨૧/૦૪/૨૦૨૬ | ૨૭/૦૪/૨૦૨૬ |
| ૨ | એ.ટી.ડી. દ્વિતિય વર્ષ | ૨૧/૦૪/૨૦૨૬ | ૨૭/૦૪/૨૦૨૬ |

❖ **પરીક્ષામાં બેસવાની પાત્રતા ::**

1. કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કામગીરી એ.ટી.ડી. અને ફાઇન આર્ટ્સનો અભ્યાસક્રમ ચલાવતી રાજ્યની સબંધિત બિન-સરકારી ગ્રાન્ટેડ કલા મહાવિદ્યાલયોને નિયત શરતોને આધિન સોંપવામાં આવેલ છે. આથી એ.ટી.ડી. પ્રથમ વર્ષમાં સંયુક્ત શિક્ષણ નિયામક, કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા મંજૂર કરવામાં આવેલ યાદી મુજબના વિદ્યાર્થીઓ જ પરીક્ષા આપી શકશે.
2. એ.ટી.ડી.પ્રથમ/બીજા વર્ષ માટે ઉમેદવારની વર્ષ દરમ્યાનની વર્ષ દરમ્યાન કામના દિવસોની ૧૮૦ દિવસની હાજરી હોવી ફરજીયાત છે. ખુટતી હાજરી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ જવાબદાર રહેશે નહી.પરીક્ષાના અંતિમ પેપર સુધીની હાજરી માન્ય ગણાશે.
3. સંસ્થાના આચાર્યશ્રીએ પોતાની સંસ્થામાં નિયમિત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષાના અંતિમ દિવસ સુધીમાં નિયત હાજરી પૂર્ણ થતી શકતી હોય તેવા વિદ્યાર્થીઓને જ પરીક્ષામાં પ્રવેશ માટેની હોલ ટીકીટ (પ્રવેશપત્ર) આપવાનું રહેશે.
4. જે ઉમેદવારે ઉચ્ચકલાની કોઈ પણ પરીક્ષા પાસ કરેલ હોય અને કમિશ્નર ઓફ સ્કુલ તરફથી સીધો **ATD** ના બીજા વર્ષમાં સીધો પ્રવેશ મેળવેલ હોય તેમની યાદી નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી પાસે મંજુર કરાવી રજુ કરવાની રહેશે. તેમજ સંસ્થના આચાર્યશ્રી સીધા પ્રવેશવાળા વિદ્યાર્થીઓ પાસે રજાના દિવસમાં શૈક્ષણિક કાર્યભાર પૂર્ણ કરાવવાનો રહેશે.
5. નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,ના તા.૧૨/૧૦/૨૦૧૭ ના પત્રક્રમાંક:૮૬/ચ/વિશિષ્ટ પ્રવેશ/૨૦૧૭-૧૮/૧૪ ના કચેરી આદેશના મુદ્દા નં. ૩ મુજબ વિદ્યાર્થીઓનો શૈક્ષણિક કાર્યભાર જાહેર રજાના દિવસોમાં કે શાળાના સમય બાદ વધારાના કોચીંગ ક્લાસ કરીને પૂર્ણ કરવાની જવાબદારી સબંધિત કોલેજના આચાર્યશ્રીની રહેશે.

❖ **પ્રશ્નપત્રોનું માધ્યમ:**

પ્રશ્નપત્રોનું માધ્યમ માત્ર ગુજરાતી રહેશે.

❖ **પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગેની અગત્યની સૂચનાઓ::**

આ જાહેરનામા સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તા:૧૩/૦૨/૨૦૨૬(બપોરના ૧૪:૦૦ કલાક) થી તા:૧૯/૦૨/૨૦૨૬(રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી)** દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online' ઉપર Click કરવું.
- **તમારી પરીક્ષા** સામે Apply Now પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Formદેખાશે Application Formમાં * ની નિશાનીવાળી તમામ માહિતી ફરજિયાત ભરવાની રહેશે.
- **હવે Save પર Click કરવાથી તમારો DataSave થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.**
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photograph પર Click કરો. અહીં તમારો **Application Number** Type કરો અને તમારી BirthDateselectકરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરો.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને SignatureJPG format માં (15Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં

તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

- હવે Confirm Application પર Click કરો.અહીં તમારો **Application Number** Type કરો અને તમારી Birth selectકરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. **અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.**
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું. Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થશે તથા તે બાદ જ અરજી માન્ય ગણાશે.

## ❖ ફી ભરવાની રીત:

1. ઉમેદવાર/સંસ્થાએ ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD (Debit/Credit Card)/NET BANKING થી પરીક્ષા ફી ભરવાની રહેશે.
2. **એકજ વિધાર્થીની** ઓનલાઈન ફી જમા કરાવવા માટે **"Print Application/Challan"**વિકલ્પ પસંદ કર્યા બાદ કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખની વિગતો ભરવી.ત્યાર બાદ **"Online Payment"**વિકલ્પ પસંદ કરવો.
3. **એક કરતા વધુ વિદ્યાર્થીની** ફી જમા કરાવવા માટે **"Print Application/Challan"** વિકલ્પ પસંદ કર્યા બાદ **"Multiple Payment"**વિકલ્પ પસંદ કરવો. ત્યાર બાદ એક પછી એક વિદ્યાર્થીના કન્ફર્મેશન નંબર એડ કરવા સાથે સાથે વિદ્યાર્થીનું નામ પણ ચેક કરવું. ત્યાર બાદ **"Submit"**વિકલ્પ પસંદ કરવો.
4. ત્યાર બાદ આપેલ વિકલ્પોમાંથી**Debit Card, Credit Card or Net Banking Of Fee**યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી.
5. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ હશે તો **"Successful"** ટ્રાન્ઝેકશન દર્શાવેલ **e-receipt** મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી.
6. જો ફી જમા થયા બાદ **"Successful"** ટ્રાન્ઝેકશન દર્શાવેલ **e-receipt** ન નીકળે તો ઉમેદવારે ૨૪ કલાક બાદ પુન: પ્રયત્ન કરી **e-receipt** ની પ્રિન્ટ કાઢવાની રહેશે.
7. બેંક ખાતામાંથીફીની રકમ કપાયાના ૨૪ કલાક બાદ પણ **"Successful"** ટ્રાન્ઝેકશન દર્શાવેલ **e-receipt** જનરેટ ન થઈ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિકજરૂરી વિગતો સાથે રાજ્ય પરીક્ષા બોર્ડને ઈ-મેઈલથી જાણ કરવાની રહેશે. **(gseb21@gmail.com)**
8. **ઉમેદવારે ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ, ફી ભર્યાની રિસિપ્ટ જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે સંસ્થાના આચાર્યશ્રીને જમા કરાવવાના રહેશે.**

- **કોલેજે ભરાયેલા તમામ આવેદનપત્રો અને ફી ભર્યા બદલની e-receipt આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે તા- ૨૪/૦૨/૨૦૨૬સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાના રહેશે.**
- **આચાર્યશ્રીએ આ તમામ આવેદનપત્રો, તેમાં ભરેલ વિગતો આધારો વિગેરે કાળજી પૂર્વક ચકાસીને બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલા આઇ.ડી. અને પાસવર્ડ દ્વારા આ તમામ વિદ્યાર્થીઓની યાદી તા:૦૬/૦૪/૨૦૨૬સુધીમાં ઓફલાઇન એપ્રુવ કરવાની રહેશે.**
- અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.

## ❖ ઉમેદવારો માટે સૂચનાઓ:

- **ઉમેદવાર તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશે તો તે રદ ગણવામાં આવશે.**
- **ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડ ની વેબસાઇટ www.sebexam.org પર વખતોવખત મુકવામાં આવતી સુચનાઓ અનુસરવાની રહેશે.**

## ❖ સંસ્થાઓએ કરવાની કાર્યવાહી :

- આ જાહેરનામાની જાણ સંસ્થાના નિયમિત અને અગાઉનાં વર્ષોમાં નાપાસ થયેલ કે ગેરહાજર રહેલ વિદ્યાર્થીઓને કરવાની રહેશે
- સંસ્થાના નિયમિત અને રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો સમય મર્યાદામાં ONLINE ભરાવીને જરૂરી ચકાસણી કરી સહી-સિક્કા સાથે પ્રમાણિત કરવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

- <u>આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ ઉમેદવાર બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે નહીં.</u> જેની તમામ સંસ્થાઓએ ખાસ નોંધ લેવી. આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ ઉમેદવાર બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી જે-તે સંસ્થાના આચાર્યની નક્કી કરવામાં આવશે.
- સંસ્થાઓ દ્વારા આંતરીક પરીક્ષાના કેટલાક વિષયોના ગુણ પેટા વિષયોના ગુણના સરવાળા રૂપે મોકલવામાં આવે છે (જેવા કે એસાઇનમેન્ટ વર્ક/પ્રોજેક્ટ વર્ક). આથી આંતરીક પરીક્ષાના તમામ વિષયોના પેટા વિષયોનું વર્ષો વર્ષનું સંસ્થા કક્ષાએ થયેલ મુલ્યાંકન જે-તે સંસ્થાએ પોતાના રેકર્ડમાં સાચવવાનું રહેશે. જે જરૂર જણાયે સંસ્થા પાસેથી માંગવામાં આવશે. પેટા વિષયોમાં નાપાસ થયેલ વિદ્યાર્થી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી જે-તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે.
- આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત થઈ ન શકે તે માટે દરેક સંસ્થાના આચાર્યને આઇ.ડી. અને પાસવર્ડ ફાળવવામાં આવશે. જેના દ્વારા આચાર્યશ્રીએ પોતાની સંસ્થાના ઉમેદવારોની આ પરીક્ષામાં બેસવાની પાત્રતા ઓનલાઇન એપ્રુવ કરવાની રહેશે. તથા પરીક્ષામાં બેસવાની પાત્રતા ન ધરાવતા ઉમેદવારોને એપ્રુવ કરવાના રહેશે નહીં. પાત્રતા ન ધરાવનાર ઉમેદવારોને હોલ ટિકિટ મળવાપાત્ર રહેશે નહીં.
- ઉપરોક્ત સુચના અનુસાર આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીને એપ્રુવ કરવામાં આવે આ કિસ્સામાં જે-તે સંસ્થાના આચાર્ય દ્વારા બોર્ડને ગેરમાર્ગે દોરી વિદ્યાર્થીને અનધિકૃત રીતે પરીક્ષા અપાવવા બદલ ગેરરીતિ ગણવામાં આવશે.
- ઉમેદવારે/સંસ્થાએ ONLINE આવેદનપત્ર ભરતી વખતે અટક,નામ,પિતાનું નામ, જન્મ તારીખ,જાતિ અને રિપીટરના કિસ્સામાં વિષય જેવી વિગતો પૂરી કાળજીથી ભરવી. પ્રથમ વર્ષનાં આવેદનપત્ર ભરતી વખતે બોર્ડની માર્કશીટ મુજબ અને બીજા વર્ષનાં આવેદનપત્ર ભરતી વખતે પ્રથમ વર્ષની માર્કશીટ મુજબની વિગતો ભરવી.
- પરીક્ષા ફી ભરાયેલ ન હોય તેવા ઉમેદવારોના આવેદનપત્રો સ્વીકારવાના નથી.
- શિક્ષણ વિભાગના તા:૦૩/૦૬/૨૦૧૯, ઠરાવ ક્રમાંક: ઉકશ/૧૨૨૦૧૯/૭૧૫/ગ-૧૧ અન્વયે રાજ્યની બિન-સરકારી ગ્રાન્ટેડ કલા મહાવિદ્યાલયોમાં એ.ટી.ડી. પ્રથમ વર્ષ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાની હાલની કેંદ્રિયકૃત અને ઓનલાઇન પ્રવેશ પધ્ધતિને બદલે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી પ્રવેશની કામગીરી એ.ટી.ડી. અને ફાઇન આર્ટ્સનો અભ્યાસક્રમ ચલાવતી રાજ્યની સબંધિત બિન-સરકારી ગ્રાન્ટેડ કલા મહાવિદ્યાલયોને નિયત શરતોને આધિન સોંપવામાં આવેલ છે. તથા આ અંગે સંયુક્ત શિક્ષણ નિયામક, કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા પ્રવેશ પામનાર વિદ્યાર્થીઓની મંજૂર યાદી જે-તે સંસ્થાને મોકલી આપવામાં આવેલ છે.
- એ.ટી.ડી. પ્રથમ અને દ્વિતિય વર્ષના નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા એપ્રુવ થયેલ પ્રવેશ યાદી મુજબના વિદ્યાર્થીઓ જ પરીક્ષામાં બેસવા પાત્ર હોય તેટલા જ વિદ્યાર્થીઓના આવેદનપત્ર સંસ્થા દ્વારા અત્રે જમા કરાવવાના રહેશે તે યાદી સિવાયના કોઇ વિદ્યાર્થીના આવેદન પત્ર સંસ્થા દ્વારા બોર્ડને રજૂ થશે તો આવા કિસ્સામાં સંસ્થાના આચાર્ય દ્વારા બોર્ડને ગેરમાર્ગે દોરી અનઅધિકૃત વિદ્યાર્થીઓને કોર્ષ કરાવી પરીક્ષામાં ઉપસ્થિત કરાવવા બદલ ગેરરીતિ ગણવામાં આવશે.
- એ.ટી.ડી અભ્યાસક્રમમાં રિપિટર વિદ્યાર્થીઓ માટે જે-તે વર્ષની કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા પ્રવેશ પામનાર વિદ્યાર્થીઓની મંજૂર યાદી પૈકી રિપિટર વિદ્યાર્થીઓને હાઇલાઇટ કરી આચાર્યના સહી-સિક્કા સાથે રજૂ કરવાની રહેશે.
- એ.ટી.ડી. પ્રથમ અને દ્વિતિય વર્ષના વિદ્યાર્થીઓના આવેદનપત્રો બોર્ડ ખાતે જમા કરાવવા આવો ત્યારે નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા મોકલવામાં આવેલ આપની સંસ્થા ખાતે પ્રવેશ પામનાર વિદ્યાર્થીઓની એપ્રુવ કરેલ યાદી તથા આ યાદી પૈકી જેટલા વિદ્યાર્થીઓએ આ વર્ષે પરીક્ષા આપવા માટે આવેદનપત્ર ભર્યા (આચાર્યએ એપ્રુવ કરેલ) હોય, તેઓની આચાર્યશ્રીના સહી સિક્કા સાથેની અલગ યાદી એમ કુલ બે યાદી જમા કરાવવાની રહેશે.
- સંસ્થાએ સંસ્થા અને વિદ્યાર્થીના રજૂ કરવાના જરૂરી આધારો/પ્રમાણપત્રોની તમામ વિગતોની ચકાસણી કરીને યોગ્ય રીતે ફાઇલીંગ કરી તથા સંસ્થાઓએ તમામ આવેદનપત્રોની સોફટકોપી (સી.ડી.) તથા હાર્ડકોપી <u>તા:૨૪/૦૨/૨૦૨૬</u>સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર -૨૧ ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.તથા સંસ્થા ખાતે પણ સાચવવની રહેશે.

❖ <u>આવેદનપત્રો તથા અન્ય સાહિત્ય જમા કરાવવા બાબત:</u>

સંસ્થાએ નીચે દર્શાવેલ વિગતે આધારો સાથે ફાઇલ તથા અન્ય સાહિત્ય રજૂ કરવાનું રહેશે.

**(A) <u>ફાઈલ નંબર-1 માં સામેલ રાખવાના આધારો:</u>**

**(1) નીચેના નમૂનામાં વિગતો ભરીને સંસ્થાના લેટરપેડ પર ફોરવર્ડીંગ લેટર.**

| ક્રમ | પરીક્ષા | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|---|
| 1 | ATD - 1 નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 2 | ATD - 1 રિપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 4 | ATD - 2 નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| 5 | ATD - 2 રિપિટર પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |
| | કુલ પરીક્ષાર્થીઓની સંખ્યા | | | |

**(2) નીચે દર્શાવેલ વિગત મુજબ કોર્ષવાર અલગ-અલગ યાદી (સોફ્ટ કોપી તથા હાર્ડ કોપી )**

આ યાદી : ક્રમ,પરીક્ષાર્થીનું નામ (અટક-પોતાનું નામ-પિતાનું નામ),ભરેલ ફી ,કન્ફર્મેશન નંબર તથા રીમાર્કસ એમ પાંચ કોલમમાં પત્રક બનાવીને મુકવું. એ.ટી.ડી. દ્વિતિય વર્ષમાં સીધો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના નામ સામે રીમાર્ક્સમાં "સીધો પ્રવેશ" દર્શાવવાનું રહેશે.

**નોંધ: વિદ્યાર્થીઓના નામના સ્પેલીંગ ધો – ૧૨ નાં ગુણપત્રક/પ્રમાણપત્ર અનુસાર લખવા.**

- <u>એ.ટી.ડી. પ્રથમ વર્ષ અને દ્વિતિય વર્ષ માટે સંસ્થાએ આપેલ પ્રવેશની નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા એપ્રુવ થયેલ પ્રવેશ યાદીની નકલ</u>
- <u>એ.ટી.ડી. પ્રથમ અને દ્વિતિય વર્ષની એપ્રુવ થયેલ પ્રવેશ યાદી પૈકી પરીક્ષા આપવા માટે આવેદનપત્ર ભરનાર વિદ્યાર્થીઓની (આચાર્યએ એપ્રુવ કરેલ) તે જ ક્રમ અનુસારની આચાર્યના સહી સિક્કા સાથેની યાદી. (રિપિટર વિદ્યાર્થીઓ માટે જે-તે વર્ષની કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા એપ્રુવ થયેલ પ્રવેશ યાદી પૈકી રિપિટર વિદ્યાર્થીને હાઇલાઇટ કરેલ નકલ.)</u>
- ATD - 1 નિયમિત પરીક્ષાર્થીઓની યાદી
- ATD - 1 રિપીટર પરીક્ષાર્થીઓની યાદી
- ATD - 2 નિયમિત પરીક્ષાર્થીઓની યાદી (સીધો પ્રવેશ હોય તો તે અંગેની રિમાર્કસ કરવી)
- ATD - 2 રિપીટર પરીક્ષાર્થીઓની યાદી

તેમજ ઉપરોક્ત યાદીની ચેક કરેલી સોફ્ટ કોપી (C.D.) તથા હાર્ડ કોપી મુકવી. C.D. ઉપર સંસ્થાનું નામ અને કોડ નંબર ભુસાઈ ન જાય તે રીતે લખવો અને સીડીને યોગ્ય કવરમાં જમા કરાવવી.

(B) <u>ફાઈલ નંબર-2 માં સામેલ રાખવાના આધારો:</u>

પરીક્ષાર્થીઓના ONLINE ભરેલ આવેદનપત્રો પર આચાર્યશ્રીના સહી-સિક્કા કરી ઉપરોક્ત વિગતે ફાઈલ નં-1 માં જણાવ્યા અનુસાર (A)(1) માં દર્શાવેલ સંખ્યા મુજબ (A)(2) અનુસારની યાદીવાર ક્રમમાં સેપરેટર પાના સાથે આ આવેદનપત્રોને ફાઈલ કરી ફાઈલ પર નીચે દર્શાવેલ ફોર્મેટમાં પત્રક બનાવી પેસ્ટ કરવું.

| ક્રમ | વિગત | માહિતી(અંગ્રેજીમાં આપવી) | |
|---|---|---|---|
| ૧ | કોલેજનું નામ | PHONE NO. : | |
| ૨ | કોલેજનું સરનામું | AT & POST : VIA :<br>TALUKA : DISTRICT : | |
| 3 | કોલેજના આચાર્યશ્રીનું નામ | મોબાઈલ નં : | |
| ૪ | અવેદનપત્રોની સંખ્યા | ATD-1 નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા | |
| | | ATD-1 રિપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | |
| | | ATD-2 નિયમિત પરીક્ષાર્થીઓની સંખ્યા | |
| | | ATD-2 રિપીટર પરીક્ષાર્થીઓની સંખ્યા | |
| | | કુલ પરીક્ષાર્થીઓની સંખ્યા | |

### (C)ફાઈલ નંબર-3 માં સામેલ રાખવાના આધારો:

**ઉપરોક્ત યાદી અનુસારના ઉમેદવારોના નીચે મુજબના લાગુ પડતા આધારોને ફાઈલ કરી પાના નં આપવા.**

- ધોરણ-10/12 ની બોર્ડની માર્કશીટની નકલ.(પ્રથમ વર્ષના નિયમિત પરીક્ષાર્થી માટે)
- ATD-પ્રથમ વર્ષના તમામ પ્રયત્નોની ની માર્કશીટની નકલ.(બીજા વર્ષના નિયમિત પરીક્ષાર્થી માટે)
- ATD-પ્રથમ વર્ષના તમામ પ્રયત્નોની ની માર્કશીટની નકલ.(પ્રથમ વર્ષના રીપીટર પરીક્ષાર્થી માટે)
- ATD-પ્રથમ અને બીજા વર્ષના તમામ પ્રયત્નોની ની માર્કશીટની નકલ.(બીજા વર્ષના રીપીટર પરીક્ષાર્થી માટે)
- ઓનલાઇન ફી ભર્યાબાદ તેની “Successful” ટ્રાન્ઝેકશન દર્શાવતી તમામ વિદ્યાર્થિઓની e-receipt જે-તે સંસ્થાના આચાર્યશ્રીએ વેરીફાઇ કરી સહી સિક્કા સાથે રજૂ કરવાની રહેશે.

### ❖ પરીક્ષા ફી ની વિગત:

ઉમેદવારે "ફી ભરવાની રીત " માં દર્શાવ્યા મુજબની રીતે ઓનલાઇન ફી ભરવાની રહેશે.

**રાજય પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી થયેલ પરીક્ષાર્થી દીઠ પરીક્ષા ફી ની વિગત આ મુજબ રહેશે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | આવેદનપત્ર ફી | રજીસ્ટ્રેશન ફી | પરીક્ષા ફી | ગુણપત્રક ફી | પ્રમાણપત્ર ફી | માઈગ્રેશન ફી | કુલ પરીક્ષા ફી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એ.ટી.ડી. પ્રથમ વર્ષ રેગ્યુલર | 25 | 200 | 250 | 25 | - | - | **500** |
| ૨ | એ.ટી.ડી. બીજુ વર્ષ રેગ્યુલર | 25 | 200 | 275 | 25 | 50 | 25 | **600** |
| 3 | એ.ટી.ડી. પ્રથમ અને દ્વિતિય વર્ષ બોર્ડની પરીક્ષાના વિષયોમાં રિપિટર વિદ્યાર્થીઓ માટે | 25 | - | 100 (માત્ર બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાના વિષયો દિઠ) | 25 | - | - | **-** |

નોંધ:- ઉપરોક્ત વિગતે દર્શાવેલ ફીના ધોરણો કરતા પરીક્ષા ફીના સંદર્ભમાં કોઈપણ પ્રકારની વધુ ફીની રકમ કોઈ તાલીમી સંસ્થા લઈ શકશે નહીં.

❖ **પરીક્ષા કેન્દ્રની વિગત:**

- અમદાવાદ શહેર માટે અમદાવાદ શહેરની કોઇ એક સંસ્થા
- સાબરકાંઠા અને અરવલ્લી માટે હિંમતનગર ખાતેની કોઇ એક સંસ્થા
- અમદાવાદ ગ્રામ્ય માટે ધોળકા ખાતેની કોઇ એક સંસ્થા
- નવસારી માટે અમલસાડ ખાતેની કોઇ એક સંસ્થા
- મહિસાગર માટે લુણાવાડા ખાતેની કોઇ એક સંસ્થા
- આણંદ માટે આણંદ ખાતેની કોઇ એક સંસ્થા

❖ **ખાસ નોંધ :-**

- પરીક્ષાનું સ્થળ (બિલ્ડીંગ) જિલ્લાશિક્ષણાધિકારીશ્રી નક્કી કરશે. જેમાં એ.ટી.ડી. કોલેજનો એક પણ સ્ટાફ નિયામક કે સહનિયામક તરીકે ફરજ બજાવી શકશે નહી. તેઓ માત્ર સુચારૂ વ્યવસ્થાના સહભાગી બનશે.
- સ્ટ્રોંગરૂમ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી કોલેજ સિવાયનું બિલ્ડીંગ પસંદ કરી શકશે, સ્ટ્રોંગરૂમ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી પોતાના અથવા કેન્દ્ર સંચાલકના તાબા હેઠળ રાખવાનો રહેશે.
- દરરોજ સ્ટ્રોંગરૂમ પરથી જિલ્લાશિક્ષણાધિકારીશ્રી અથવા કેન્દ્ર સંચાલક પ્રશ્નપત્રોના સીલબંધ પેકેટ લઈ જશે. અને સાંજે તે જ સ્ટ્રોંગરૂમ ખાતે સીલ કરવાના રહેશે.

- **કૃપાગુણની જોગવાઇ:**
  - માત્ર લેખિત વાર્ષિક પરીક્ષામાં ૫૦% કરતાં વધારાના ટકા દીઠ એક ગુણ પરંતુ વધુમાં વધુ ૦૫ (પાંચ) કૃપાગુણ તરીકે મળી શકશે અને આ કૃપાગુણનો લાભ વધુમાં વધુ બે જ વિષયમાં મળી શકશે.

## ATD–1 Exam-2026 Schedule

| વિષય કોડ | વિષય | પરીક્ષાનોકુલ સમય (કલાકમાં) | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| 1 | કલાનો ઇતિહાસ (થીયરી) | ૨ | ૨૧/૦૪/૨૦૨૬ | મંગળ | ૧૧ થી ૧ | ૫૦ |
| 2 | કલર કોમ્યુનિકેશન (થીયરી) | ૨ | ૨૧/૦૪/૨૦૨૬ | મંગળ | ૨ થી ૪ | ૪૦ |
| 3 | કલર કોમ્યુનિકેશન (પ્રેક્ટિકલ) | ૫ | ૨૨/૦૪/૨૦૨૬ | બુધ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૬૦ |
| 4 | બેઝિક ડિઝાઇન (પ્રેક્ટિકલ) | ૫ | ૨૩/૦૪/૨૦૨૬ | ગુરૂ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૧૦૦ |
| 5 | ફોર્મ ઓફ વિઝ્યુઅલ લેંગ્વેજ (પ્રેક્ટિકલ) | ૫ | ૨૪/૦૪/૨૦૨૬ | શુક્ર | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૧૦૦ |
| 6 | થ્રી ડી કંપોઝીશન (પ્રેક્ટિકલ) | ૫ | ૨૫/૦૪/૨૦૨૬ | શનિ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૧૦૦ |
| 7 | આર્ટ એન્ડ ક્રાફ્ટ (પ્રેક્ટિકલ) | ૫ | ૨૭/૦૪/૨૦૨૬ | સોમ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૧૦૦ |
| નોંધ: વિષય કોડ-3 થી 7 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં સમય ૨:૦૦ થી ૩:૦૦ (૧-કલાક) વિરામ રહેશે. | | | | | | |

- **ATD-1 માટે પાસીંગ ગુણ:**

(૧) ઈન્ટરનલ પરીક્ષાના ૫૦૦ ગુણ છે.

(૨) બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં દરેક વિષયમાં પાસ થવાનું ધોરણ ૩૫% ગુણનું રહેશે.

(૩) આંતરિક પરીક્ષાના દરેક વિષયમાં પાસ થવાનું ધોરણ ૪૦% ગુણનું રહેશે.

(૪) સમગ્ર પરીક્ષા ના કુલ ગુણ ૧૦૫૦ માંથી પાસ થવાનું ધોરણ ૪૦% (૪૨૦) ગુણનું રહેશે.

(૫) આંતરીક મુલ્યાંકનમાં

(૫.૧) વર્ષ દરમિયાન કરેલ એસાઇનમેન્ટ કાર્યમાં ગુણ- ૧૪૦ રહેશે.

(Basic Design, Form of visual languae, Colour communication, 3D Composition, Art & Craft, Fundamental of computer, Photography આ ૭ વિષયના ૨૦ ગુણના એસાઇનમેન્ટ વર્કનો સરવાળો)

(૫.૨) પ્રોજેક્ટ રીપોર્ટ વર્કના ગુણ- ૧૧૦ રહેશે.

(Art & Craft , Fundamental of computer, Photography -પ્રત્યેકના ૨૦ ગુણ તથા Co-Curriculum activities ના ૫૦ ગુણ નો સરવાળો)

(૫.૩) પ્રાયોગિક પાઠ Demonstration Lesson ના ગુણ- ૫૦ રહેશે જેનુ મુલ્યાંકન કોલેજ કક્ષાએ થશે. જેનુ પાસિંગ ધોરણ ૪૦% મુજબ રહેશે.

(૫.૪) કોલેજ કક્ષાએ લેવાતી પરીક્ષા Fundamental of computer, Photography વિષય ના થીયરી (૪૦ ગુણ) અને પ્રેક્ટિકલ (૬૦ ગુણ) રહેશે.

# ATD-II Exam-2026 Schedule

| વિષય કોડ | વિષય | પરીક્ષાનોકુલ સમય (કલાકમાં) | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| 01 | એજ્યુકેશનલ સાઇકોલોજી (થીયરી) | ૨ | ૨૧/૦૪/૨૦૨૬ | મંગળ | ૧૧ થી ૧ | ૫૦ |
| 02 | હિસ્ટ્રી ઓફ આર્ટ (થીયરી) | ૨ | ૨૧/૦૪/૨૦૨૬ | મંગળ | ૨ થી ૪ | ૫૦ |
| 03 | ઇંગ્લિશ (થીયરી) | ૨ | ૨૨/૦૪/૨૦૨૬ | બુધ | ૧૧ થી ૧ | ૫૦ |
| 04 | ડિઝાઇન (પ્રેક્ટિકલ) | ૫ | ૨૩/૦૪/૨૦૨૬ | ગુરૂ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૮૦ |
| 05 | સ્ટીલ લાઇફ (રીઆલિસ્ટિક એન્ડ ક્રિએટિવ) (પ્રેક્ટિકલ) | ૫ | ૨૪/૦૪/૨૦૨૬ | શુક્ર | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૮૦ |
| 06 | ટેક્ષ્ટાઇલ ડિઝાઇન (પ્રેક્ટિકલ) | ૫ | ૨૫/૦૪/૨૦૨૬ | શનિ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૮૦ |
| 07 | આર્ટ એન્ડ ક્રાફ્ટ (પ્રેક્ટિકલ) | ૫ | ૨૭/૦૪/૨૦૨૬ | સોમ | ૧૧ થી ૨ અને ૩ થી ૫ | ૮૦ |
| નોંધ:વિષય કોડ-4 થી 7 માં દર્શાવેલ વિષયોની પરીક્ષામાં સમય ૨:૦૦ થી ૩:૦૦ (૧-કલાક) વિરામ રહેશે. | | | | | | |

- **ATD-2 માટે પાસીંગ ગુણ:**

(૧) આંતરિક પરીક્ષાના ૬૩૦ ગુણ છે.

(૨) બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં દરેક વિષયમાં પાસ થવાનું ધોરણ ૩૫% ગુણનું રહેશે.

(૩) આંતરિક પરીક્ષાના દરેક વિષયમાં પાસ થવાનું ધોરણ ૪૦% ગુણનું રહેશે.

(૪) સમગ્ર પરીક્ષા ના કુલ ગુણ ૧૧૦૦ માંથી પાસ થવાનું ધોરણ ૪૦% (૪૪૦) ગુણનું રહેશે.

(૫) આંતરિક મૂલ્યાંકનમાં :

(૫.૧) વર્ષ દરમ્યાન કરેલ એસાઇનમેન્ટ કાર્યના ગુણ ૪૪૦ રહેશે.

(Design, Steel life (Realistic & Creative), Textiles design -પ્રત્યેકના ૨૦ ગુણ, Videography, Graphics software & application, Printing technology - પ્રત્યેકના ૧૦૦ ગુણ અને Art & Craft - ૮૦ ગુણના એસાઇનમેન્ટ વર્કનો સરવાળો)

(૫.૨) પ્રોજેક્ટ રીપોર્ટ કાર્યના ગુણ ૧૪૦ રહેશે.

(Internship, Co-curriculum activity -પ્રત્યેકના ૫૦ ગુણ અને Art & Craft - ૪૦ ગુણનો સરવાળો)

(૫.૩) પ્રાયોગિક પાઠના ગુણ ૫૦ રહેશે.

(પી.કે. ત્રિવેદી)

સ્થળ: ગાંધીનગર

તારીખ:૧૨/૦૨/૨૦૨૬

અધ્યક્ષ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

- **<u>નકલ જાણ અર્થે રવાના:</u>**
    - માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
    - માન. રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
    - અંગત સચિવશ્રી, માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
    - નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેંદ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
    - નિયામકશ્રી, જીસીઇઆરટી સેકટર -૧૨, ગાંધીનગર

- **<u>નકલ જરૂરી કાર્યવાહી તથા જાહેરનામાનો અમલ કરવા સારૂ</u> :**

(૧) આચાર્યશ્રી, ક્લા સંસ્થાઓ (તમામ)

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,સંબધિત

(3) હિસાબી અધિકારીશ્રી, સદર કચેરી